# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

જલસેવા ભવન, "છ" રોડ, સેક્ટર- ૧૦/એ, ગાંધીનગર- ૩૮૨૦૧૦

ફોન નં. ૦૭૯- ૨૩૨૨૨૨૬૩, ૨૩૨૨૨૫૪૭, ૨૩૨૨૫૯૭૨

ફેક્સઃ ૦૭૯- ૨૩૨૨૨૬૮૪/ ૨૩૨૩૦૬૨૩

GWSSB CPF TRUST વેબ સાઈટઃ www.gwssb.gujarat.gov.in ઈ-મેલઃ cpfgwssb@gmail.com


ક્રમાંક/એબી-૧૮/સી.પી.એફરીકન્સીલેશન૧૯-૨૦/૩૯૦/૨૦૨૦

તા.૦૯/૦૩/૨૦૨૦

પ્રતિ,

**કાર્યપાલક ઈજનેરશ્રી સર્વે,**

**ગુ.પા.પુ અને ગ.વ્ય બોર્ડ**

**વિષય:-** **<u>વર્ષ ૨૦૧૯-૨૦ ની સી.પી.એફ ની કપાત તેમજ તેને લગતી અન્ય બાબતનુ "રીકન્સીલેશન" કરવા બાબત.</u>**

ઉપરોક્ત વિષય અન્વયે બોર્ડની તમામ ઈ.ડી કચેરીઓને જણાવવાનુ કે, આપના તરફથી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન દર માસે પગારમાંથી સી.પી.એફ ની કપાતો જેવી કે સી.પી.એફ.@૧૦%, અન્ય સી.પી.એફ. કપાત, વી.પી.એફ., એડ્વાન્સ રીકવરી વિગેરે જેવી કપાતો કર્યા બાદ ઈ-મેઈલ ધ્વારા તથા સહી સિક્કા સાથેની વિગતના જે.ઈ.ના પત્રકો અત્રે સાદર કરવામાં આવે છે જેનાથી આપ સર્વે વિદિત છો.

નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ હાલ પુર્ણતાના આરે છે. આપની કચેરીની માહે માર્ચ-૧૯ થી ફેબ્રુઆરી-૨૦ સુધીની ૧૨ માસની કપાતો અત્રે મળેલ છે. જેની વિગત આ સાથે ચકાસણી અર્થે મોકલી આપવામાં આવે છે. આપશ્રીને આપની કચેરીના પે-બીલના રેકર્ડ તેમજ આપના હિસાબી શાખાના ફોર્મ-૮૦ પત્રક સાથે **<u>હિસાબી સદર ૧૩૦૧-૦૦/ ૧૩૦૧-૦૧ અને ૨૯૧૩-૨૩</u>** વિભાગીય હિસાબનીશને સાથે રાખી સરખામણી કરીને વિસંગતતા છે કે કેમ? તેની વિગતો આ સાથે મોકલવામાં આવેલ પત્રક (પાછળ) મુજબ ચકાસણી કરી આપના વિભાગીય હિસાબનીશશ્રી અને અધિકારીશ્રીના સહી સિક્કા સાથે રૂબરૂમાં ૦૨ (બે) કોપીમાં નિયત પત્રકમાં પરત કરવા જણાવવામાં આવે છે. **<u>સદર કામગીરી સંભાળતા કર્મચારીએ જાતે જ રૂબરૂમાં અત્રેની શાખામાં સદર પત્રક તેમજ માહે ફેબ્રુ-૨૦ paid in માર્ચ-૨૦ની CPF J.E. લઈને રૂબરૂમાં આવવાનું રહેશે. જેની સર્વે નોંધ લેશો.</u>**

વધુમાં જણાવવાનુ કે, આપની કચેરીના સી.પી.એફ. કપાત પત્રક આ સાથે મોકલવામાં આવે છે. જેમાં ઘણીવાર નીચે મુજબના કારણોસર કર્મચારીની સી.પી.એફ. સ્લીપમાં ભુલો આવે છે.

1. કર્મચારીના ખોટા નામ અને નંબર વારંવાર ભુલ સુધાર્યા વગર મોકલી આપવામાં આવે.
2. વી.પી.એફ ની રકમ પેશગીમાં તથા પેશગીની રકમ વી.પી.એફ માં બતાવવામાં આવે.
3. અન્ય કપાત જે ડબલ થવા પાત્ર રકમ વી.પી.એફ તરીકે અથવા તો વી.પી.એફ. ની રકમ અન્ય કપાતમાં મોકલવામાં આવે છે.
4. જે.ઈ. માં મોકલવામાં આવેલ રકમ તેમજ ખરેખર કપાત કરેલ રકમમાં તફાવત જોવા મળે છે.
5. અગાઉના વર્ષોની ભૂલ- સુધારણા બાકી રહેતી હોય.

ઈ.ડી. કચેરી ધ્વારા કરવામાં આવતી સદર ભૂલોના કારણોસર વાંધા અરજીઓ વધી જવા પામે છે. તેમજ સી.પી.એફ. સ્લીપ ઈસ્યુની કામગીરી માં વિલંબ થવા પામે છે. જેથી ઈ.ડી. કચેરી ધ્વારા આવી કોઈ પ્રકારની ભુલો થયેલ નથી તેની ચકાસણી કરી એ મતલબનું પ્રમાણપત્ર પણ સાથે લઈને આવવાનું રહેશે. આવી અન્ય કોઈ પ્રકારની ભુલો જો ઈ.ડી. કચેરીના ધ્યાને આવેલ હોય તો તેની પણ વિગતો સાથે લાવવાની રહેશે. જેથી, ચાલુ નાણાંકીય વર્ષમાં સુધારા સાથે કર્મચારી/ અધિકારીઓને સી.પી.એફ. સ્લીપ ઈસ્યુ કરી શકાય.

(બી.બી ચૌહાણ)
સીની. મેનેજર(ના/હિ)

બિડાણ:- (૧) વર્ષઃ ૨૦૧૯-૨૦ની માસવાર સી.પી.એફ. જે.ઈ.
(૨) વિભાગીય કચેરી દ્રારા આપવાનું પ્રમાણપત્ર